# મૂંઝવણ અને માર્ગદર્શન

**પ્રશ્ન : મને જી.પી.એસ.સી. દ્વારા લેવાતી રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની જગ્યા પર ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા પદ્ધતિ વિશે માહિતી આપશો.**

**- પટેલ ધ્વનિ એસ., કલોલ, જિ. ગાંધીનગર**

ગુજરાત સરકારના નાણા વિભાગ હસ્તકની રાજ્ય વેરા નિરીક્ષક વર્ગ-૩ની જગ્યાઓ પર ઉમેદવાર પસંદ કરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગીની પ્રક્રિયા માટે સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવે છે.

- **શૈક્ષણિક લાયકાત :**

1. પરીક્ષા માટે ઉમેદવાર ભારતની સંસદ કે રાજ્ય વિધાનસભાના કાયદા હેઠળ સ્થાપિત કોઇ પણ યુનિવર્સિટી કે સંસદના એક્ટ દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થા અથવા યુ.જી.સી. એક્ટ-૧૯૫૬ના સેક્શન-૩ હેટળ યુનિવર્સિટી તરીકે પ્રસ્થાપિત થયેલ શૈક્ષણિક સંસ્થાના સ્નાતકની પદવી ધરાવતા હોવા જોઇએ.
2. અરજીપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ સુધીમાં જે ઉમેદવારોના ૨૦ વર્ષ પૂરા થયેલા હોય અને નિયત લાયકાતની પદવીના છેલ્લા સેમિસ્ટર/ વર્ષની પરીક્ષામાં ઉપસ્થિત થયા છે અથવા થવાના છે પરંતુ જેનું પરિણામ પ્રસિદ્ધ થયંશ ન હોય તેવા ઉમેદવારો પ્રિલિમનરી પરીક્ષા માટે અરજી કરી શકશે. પરંતુ તેઓએ જાહેરાતમાં દર્શાવેલી શૈક્ષણિક લાયકાતની પદવી મુખ્ય પરીક્ષા માટેની અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રાપ્ત કરેલી હોવી જોઇએ.
3. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમોમાં ઠરાવ્યા પ્રમાણે કમ્પ્યૂટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઇએ. આ પ્રકારની લાયકાત નહીં ધરાવનાર ઉમેદવાર નિમણૂકને પાત્ર બનશે નહીં.
4. ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પર્યાપ્ત જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

- **વય મર્યાદા :**

સામાન્ય વર્ગના ઉમેદવાર માટે ૨૦ વર્ષથી ઓછી નહીં અને ૩૫ વર્ષથી વધું નહિં.

મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવાર માટે વયમર્યાદામાં નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

- **પરીક્ષાની રૂપરેખા : આ પરીક્ષા બે તબક્કામાં યોજવામાં આવશે.**

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | જનરલ સ્ટડીઝ | ૨૦૦ માર્કસ્ | ૧૨૦ મિનિટ |

**મુખ્ય પરીક્ષા (લેખિત) (વર્ણનાત્મક)**

| ક્રમ | વિષય | કુલ ગુણ | સમય |
|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી | ૧૦૦ માર્કસ્ | ૧૮૦ મિનિટ |
| પ્રશ્નપત્ર-૨ | અંગ્રેજી | ૧૦૦ માર્કસ્ | ૧૮૦ મિનિટ |
| પ્રશ્નપત્ર-૩ | જનરલ સ્ટડીઝ-૧ | ૧૦૦ માર્કસ્ | ૧૮૦ મિનિટ |
| પ્રશ્નપત્ર-૪ | જનરલ સ્ટડીઝ-૨ | ૧૦૦ માર્કસ્ | ૧૮૦ મિનિટ |

પેપર-૧ અને પેપર-૨ના પ્રશ્નપત્રનું સ્તર ધો. ૧૨ ઉચ્ચતર કક્ષાનું રહેશે તથા પેપર-૩ તથા પેપર-૪ના પ્રશ્નપત્રોનું સ્તર સ્નાતક કક્ષાનું રહેશે. સ્ક્રીનિંગ ટેસ્ટ (પ્રાથમિક કસોટી)માં આયોગ દ્વારા નક્કી કરવામાં આવે તે કેટેગરીવાઇઝ લાયકી ધોરણ જેટલા ગુણ ધરાવતા ભરતી નિયમ, ભરતી પરીક્ષા નિયમ તથા જાહેરાતની જોગવાઇ મુજબ શૈક્ષણિક લાયકાત, વય વગેરે સંતોષતા હશે તેવા જાહેરાતમાં દર્શાવેલ જગ્યાના કેટેગરી વાઇઝ આશરે છ ગણા ઉમેદવારોને જ લેખિત મુખ્ય પરીક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

સ્ક્રીનિંગ ટેસ્ટ (પ્રાથમિક કસોટી)માં મેળવેલા ગુણ આખરી પસંદગી માટે ધ્યાને લેવામાં આવશે નહીં. આખરી પરિણામ માત્ર મુખ્ય લેખિત પરીક્ષાના આધારે નિયત કરવામાં આવશે.

પરીક્ષાનું માધ્યમ ગુજરાતી રહેશે. સિવાય કે મુખ્ય લેખિત પરીક્ષાના પેપર-૨ (અંગ્રેજી)નું માધ્યમ બધા ઉમેદવારો માટે અંગ્રેજી રહેશે.

- સરનામું : ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર ૧૦(એ), "છ-૩" સર્કલ પાસે, "છ" રોડ, ગાંધીનગર - ૩૮૨૦૧૦. વેબસાઇટ : https://gpsc.gujarat.gov.in/
- નોંધ : ઉપરોક્ત માહિતી માત્ર દિશાસૂચ માટે છે. વધુ માહિતી માટે જે તે જગ્યાની જાહેરાત આવે

---

**પ્રશ્ન : હું બેચલર ઓફ ફિઝિયોથેરાપીની લાયકાત ધરાવું છું. મને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવાતી ફિઝિયોથેરાપિસ્ટની ભરતી/ પરીક્ષા અંગેની માહિતી આપશો.**

**- પરમાર પરેશ ટી.**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા જુદા જુદા વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ હસ્તકની કચેરીમાં ફિઝિયોથેરાપિસ્ટ/ ટ્યુટર કમ ફિઝિયોથેરાપિસ્ટ વર્ગ-૩ની સીધી ભરતીની જગ્યાઓ અન્વયે પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

- **વય મર્યાદા :**

સામાન્ય વર્ગના ઉમેદવાર માટે ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૫ વર્ષથી વધુ નહિં હોવી જોઇએ. મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો માટે વયમર્યાદામાં નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

- **શૈક્ષણિક લાયકાત :**

ઉમેદવારે ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઇ પણ યુનિવર્સિટીમાંથી અથવા સરકાર દ્વારા તે તરીકે માન્ય કરેલ બીજી કોઇ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ-૩ હેઠળ ડિમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર કરેલ કોઇ પણ યુનિવર્સિટીમાંથી ફિઝિયોથેરાપીની પદવી ધરાવતો હોવો જોઇએ.

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી નિયમો ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કમ્પ્યૂટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ઉમેદવાર ધરાવતો હોવો જોઇશે.

ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

- **પરીક્ષા પદ્ધતિ :**

પ્રથમ તબક્કામાં સ્પર્ધાત્મક લેખિત કસોટી અને બીજા તબક્કામાં કમ્પ્યૂટર પ્રોફિશિન્સિ ટેસ્ટ એમ બે કસોટી લેવામાં આવશે.

- **સ્પર્ધાત્મક લેખિત કસોટી (પ્રથમ તબક્કાની પરીક્ષા) :**

સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાનો અભ્યાસક્રમ નીચે મુજબનો રહેશે.

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન, ગુજરાતનો ઇતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કમ્પ્યૂટરને લગતું સામાન્ય જ્ઞાન, ટૅસ્ટ ઑફ રિઝનિંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતીક કસોટીઓ વગેરે. | ૩૦ | ૧૨૦ મિનિટ |
| ૨ | ગુજરાતી સાહિત્ય ગુજરાતી વ્યાકરણ | ૨૦ | |
| ૩ | અંગ્રેજી વ્યાકરણ | ૧૦ | |
| ૪ | જગ્યાની તાંત્રિક શૈક્ષણિક લાયકાતને (લઘુત્તમ) સંબંધિત વિષયનું પેપર | ૯૦ | |
| | કુલ ગુણ | ૧૫૦ | |

પ્રશ્નપત્રમાં કેટલાક પ્રશ્નો ગુજરાતીમાં રહેશે અને કેટલાક પ્રશ્નો અંગ્રેજીમાં રહેશે. ક્રમ ૧ થી ૩ માટે અભ્યાસક્રનું વિષયવસ્તુ ધોરણ ૧૨ (H.S.C.)ની સમકક્ષ રહેશે. ક્રમ-૪ માટે અભ્યાસક્રમનું વિષયવસ્તુ સંબંધિત સંવર્ગના ભરતી નિયમોમાં જે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નિયત કરવામાં આવેલ છે તેની સમકક્ષ રહેશે.

આ પરીક્ષા MCQ અને OMR પદ્ધતિ દ્વારા લેવામાં આવે છે. નેગેટિવ ૦.૨૫ માર્કિંગ લાગુ પડશે.

પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારની બીજા તબક્કાની કમ્પ્યૂટર પ્રોફિશિન્સિ ટૅસ્ટ લેવામાં આવે છે.

જે સંવર્ગના ભરતી નિયમોમાં ઉમેદવારો માટેની શૈક્ષણિક લાયકાત સ્નાતક કે તેથી વધુ નિયત કરવામાં આવેલી હોય તેવા સંવર્ગના ઉમેદાવરો માટેની કમ્પ્યૂટર પ્રોફિશિન્સિ પરીક્ષાનો અભ્યાસક્રમ :

સમય : ૧.૧૫ કલાક

| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
|---|---|---|
| ૧ | એક્સેલ સ્પ્રેડશીટ | ૧૫ |
| ૨ | ઇમેઇલ કરવા (વિથ ફાઇલ એટેચમેન્ટ) | ૧૫ |
| ૩ | પાવર પોઇન્ટ | ૧૫ |
| ૪ | વર્ડ ટાઇપિંગ, વર્ડ ફોર્મેટિંગ (અંગ્રેજી, ગુજરાતી) | ૩૦ |
| | કુલ ગુણ | ૭૫ ગુણ |

- **પસંદગી/ પ્રતીક્ષા યાદી તૈયાર કરવાની પદ્ધતિ :**

ઉમેદવારોએ ઉક્ત પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને બીજા તબક્કાની કમ્પ્યૂટર પ્રોફિશિન્સિ ટૅસ્ટ એમ બંને કસોટીમાં મેળવેલા ગુણના મેરિટ્સને આધારે કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાની વિગતો ધ્યાને લઇ પસંદગી/ પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.

નોંધ - આ માહિતી માત્ર દિશાસૂચન માટે છે. તેમાં લાયકાતના ધારાધોરણો મંડળ દ્વારા પ્રસિદ્ધ કરાતી નવી જાહેરાત મુજબના રહેશે, તેથી આ માહિતીને અંતિમ માહિતી ગણવામાં ન આવે.

**સરનામું :** ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
"કર્મયોગી ભવન", બ્લોક નં. ૨, પહેલો માળ,
નિર્માણ ભવનની પાછળ, સેક્ટર-૧૦-એ
ગાંધીનગર-૩૮૨૦૧૦.

વેબસાઇટ : https://gsssb.gujarat.gov.in/

**નોંધઃ- ઉપરોક્ત માહિતી આપના દિશાસૂચન માટે છે. અંતિમ માહિતી સંસ્થાની વેબસાઇટ પર જોવી. અથવા દૈનિક પેપરમાં જાહેરાત આવે તે પ્રમાણે અનુસરવું.**

**આપને મૂંઝવતા કારકિર્દીલક્ષી પ્રશ્નો નીચેના સરનામે અથવા ઈમેઈલ પર મોકલી શકશો.**
**E-MAIL : vgoa109@gmail.com** ફોન નં. ૦૭૯-૨૫૩૮૪૯૩૯
**પત્ર વ્યવહારનું સરનામું :**
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા, સરકારી કન્યા શાળાના મકાનમાં, રાયખડ, અમદાવાદ-૧